# જંબુસરના ઉચ્છદ ગામે વેલ્ડિંગના તણખાથી આગ, બે મકાનને નુકસાન

**ઘાસના** પૂડિયા સહિત ઘરવખરી બળી ગઈ



ભરૂચ: જંબુસરના ઉચ્છદ ગામે મકાન પર પતરાં ફીટ કરવાની કામગીરી દરમિયાન વેલ્ડિંગના તણખાથી આગ લાગી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી બે મકાનોને ઝપેટમાં લીધાં હતાં. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ઘાસના પૂડિયા સહિત ઘરવખરીને વ્યાપક નુકસાન થયાની આશંકા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઉચ્છદ ગામના રાજ ફળિયામાં રહેતા દોલતસિંહ રાજ પોતાના મકાન પર પતરાં નંખાવતા હતા.

તે દરમિયાન વેલ્ડિંગમાંથી નીકળેલો તણખો નજીકના મકાનમાં સંગ્રહિત ઘાસના પૂડિયા પર પડતાં આગ ભભૂકી ઊઠી હતી. ઉનાળાની ગરમી અને તેજ પવનને કારણે આગ ઝડપથી ફેલાતાં કિરણભાઈ રાજ તથા સુખદેવભાઈ પ્રભાતના મકાનોને પોતાની ઝપેટમાં લઈ લીધાં હતાં. ઘટનાની જાણ થતાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જો કે, આગની તીવ્રતા વધુ હોવાથી લોકોના પ્રયાસો નિષ્ફળ ગયા હતા. ત્યારબાદ જંબુસર ફાયર બ્રિગેડ, સ્ટર્લિંગ કંપની અને પીજીપી ગ્લાસની ફાયર ફાઈટર ટીમને જાણ કરવામાં આવી હતી.

જાણ થતાં જ ટીમો ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. આગની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ફાયર વિભાગે આગ લાગવાનાં ચોક્કસ કારણો અને થયેલા નુકસાનની વધુ તપાસ શરૂ કરી છે.

## પલસાણાના તુંડીમાં કન્ટેનરમાંથી રૂ.5.13 લાખનો દારૂ ઝડપાયો

**પલસાણા** પોલીસે એક આરોપીને દબોચ્યો, ત્રણ વૉન્ટેડ જાહેર

પલસાણાઃ મુંબઈ-દિલ્હી નેશનલ એક્સપ્રેસ-વે નંબર-૪ પર તુંડી ગામની સીમમાંથી સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે એક આઈશર કન્ટેનર ટ્રકમાંથી ગેરકાયદે વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે બિયરના કુલ ૪,૧૦૪ નંગ સહિત કન્ટેનર મળી કુલ રૂપિયા ૧૫,૧૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે વલસાડના એક શખ્સની ધરપકડ કરી છે, જ્યારે દારૂ ભરાવનાર અને મંગાવનાર સહિત ત્રણ બુટલેગરોને વૉન્ટેડ જાહેર કર્યા છે.

સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્ક્વોડને બાતમી મળી હતી કે એક્સપ્રેસ-વે પરથી દારૂનો મોટો જથ્થો પસાર થવાનો છે. જેના આધારે પોલીસે તુંડી ગામની સીમમાં વોચ ગોઠવી હતી. દરમિયાન મુંબઈ તરફથી આવતા અશોક લેલન ટ્રક કન્ટેનર નં.(GJ-15-AX-4157)ને અટકાવી તલાશી લેતાં તેમાંથી પાસ-પરમિટ વગરનો રૂ.૫,૧૩,૦૦૦ની કિંમતનો બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી કન્ટેનર ચાલક વિમલભાઈ ઈલેશભાઈ ધોડિયા પટેલ (રહે.,અંબાચ, આંબલી ફળિયું, તા.પારડી, જિ.વલસાડ)ની ધરપકડ કરી લીધી હતી. તેની પાસેથી દારૂ, કન્ટેનર, એક મોબાઈલ અને રોકડા રૂપિયા મળી કુલ ૧૫.૧૮ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આ દારૂનો જથ્થો પરિયા ગામના લાલુભાઈ ઉર્ફે લાલુ પરિયાએ ભરી આપ્યો હતો અને અક્ષય ઉર્ફે બાચો આહિર (રહે.,અંબાચ, પારડી)એ વાપી ખાતે આ કન્ટેનર ચાલકને સોંપ્યું હતું. આ જથ્થો નડિયાદ ખાતે કોઈ અજાણ્યા ઈસમને ડિલિવરી કરવાનો હતો. પોલીસે આ ત્રણેય સપ્લાયર અને રિસિવરને વૉન્ટેડ જાહેર કર્યા છે. આ અંગે એલ.સી.બી.ના પીએસઆઈ એચ.સી.મસાણીએ પલસાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


ઈલ્યાસ શેખ

## પરબમાં બાળ મજૂરી કરતાં સાત બાળકોને મુક્ત કરાવાયાં

કામરેજઃ પરબ ગામની ઓમ ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં બાળમજૂરી થતી હોવાની બાતમીના આધારે પી.આઈ. રામ ગોજીયાની ટીમે સોમવારે રેડ કરી 7 સગીર વયનાં બાળકોનું રેસ્ક્યુ કરી કતારગામ ચિલ્ડ્રન હોમ મોકલી આપ્યાં હતાં. આ મામલે પોલીસે બાળમજૂરી કરાવતાં ઓદ્યોગિક એકમોના પાંચ માલિક નટુભાઈ જીવરાજભાઈ ધામેલીયા (ઉં.વ.48) (રહે.,મોટા વરાછા, મૂળ ભાવનગર), પ્રનતકભાઈ લીંબાભાઈ લાઠિયા (ઉં.વ.40) (રહે.,મોટા વરાછા, મૂળ-ભાવનગર), અલ્પેશભાઈ રમેશભાઈ નાકરાણી (ઉં.વ.42) (રહે.,આનંદનગર, હીરાબાગ), ભૂપતભાઈ રામજીભાઈ લાઠિયા (ઉં.વ.61) (રહે.,અનુરાધા સોસાયટી, વરાછા, મૂળ-ભાવનગર) અને કલ્પેશભાઈ રમણીકભાઈ સાચપરા (ઉં.વ.39) (રહે.,એલ.એચ. રોડ, સુરત)ને ઝડપી પાડી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કાની ગામે ખેતરમાંથી યુવકની લાશ મળી, હાર્ટ એટેકથી મોતની આશંકા

**આકાશ** હળપતિની લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડાઈ

અનાવલઃ મહુવાના કાની ગામે આવેલા શેરડીના ખેતરમાંથી 20 વર્ષીય યુવકની મૃત હાલતમાં લાશ મળી આવી હતી. ઘટનાની જાણ થતા મહુવા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ કાની ગામના ખેતરાડી વિસ્તારમાં આવેલા અરવિંદ છીબા મિસ્ત્રીના શેરડીના ખેતરમાં મોડી સાંજના સમયે એક યુવક બેભાન હાલતમાં જોવા મળ્યો હતો. નજીક જઈ તપાસ કરતાં તેનું મોત નીપજ્યું હોવાનું બહાર આવ્યું હતું. મૃતકની ઓળખ આકાશ બાબુ હળપતિ (ઉં.વ.20) (રહે.,પોપટ ફળિયા, કાની) તરીકે થઈ હતી. આકાશ ખેતમજૂરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. આ બનાવ અંગે મૃતકના ભાઈએ આપેલી જાણવાજોગ ફરિયાદના આધારે મહુવા પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.ઝેડ.રાઠવાએ મૃતદેહનો કબજો મેળવી વધુ તપાસ શરૂ કરી હતી. બાદમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર અસહ્ય ગરમી વચ્ચે આકાશ દિવસભર ખેતરમાં મજૂરી કરી રહ્યો હતો. કામ દરમિયાન ભૂખ અને તરસની સ્થિતિમાં તે ખેતરમાં આવેલા છાંયડામાં આરામ કરવા બેઠો હતો. તે દરમિયાન તેને અચાનક હૃદયરોગનો હુમલો (હાર્ટ એટેક) આવ્યો હોવાનું અને સ્થળ પર જ તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. જો કે, મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## સોરાપાડામાં પતિની હત્યા મામલે પત્નીને ગૃહ રાજ્યમંત્રીને રજૂઆત

**પાંચ** આરોપી સામે ગુનો નોંધવાની માંગ

સાગબારાઃ સાગબારાના સોરાપાડા ગામના ૨૨ વર્ષીય વિકી વસાવાના રહસ્યમય મૃત્યુ મામલે તેમની પત્ની રાધિકાએ ન્યાયની ગુહાર લગાવી છે. રાધિકાએ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્યમંત્રી અને CID ક્રાઈમને લેખિત રજૂઆત કરી પાંચ શખ્સ સામે હત્યાનો ગુનો નોંધવાની માંગ કરી છે.

ગત ૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઘરેથી નીકળેલો વિકી ૨૪ દિવસ સુધી લાપતા રહ્યા બાદ એક કૂવામાંથી તેમનો સડેલો મૃતદેહ મળી આવ્યો હતો. રાધિકાનો આક્ષેપ છે કે મૃતદેહ મળ્યો ત્યારે મોં અને ગરદન પર ગંભીર ઈજા હતી. આ ઉપરાંત પોલીસની હાજરીમાં ડોક્ટરના બદલે કમ્પાઉન્ડરે નમૂના લીધા હતા અને ઉતાવળે અંતિમસંસ્કાર કરી દેવાયાં હતાં.

પીડિત પત્નીએ સવાલો ઉઠાવ્યા છે કે અગાઉ તપાસ કરેલા કૂવામાંથી અચાનક મૃતદેહ કેવી રીતે મળ્યો? તેમજ પતિની બાઈક ઘરે મૂકી જનાર વ્યક્તિની પૂછપરછ કેમ ન કરાઈ? તેમણે વિકીના મોબાઈલ લોકેશન અને કોલ ડિટેઈલ્સની FSL દ્વારા નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે. હાલ પોલીસે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું છે.

### જાહેર નોટિસ

આથી લાગતા વળગતા સર્વોને આ જાહેર નોટિસથી જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ તાલુકે માંગરોલ નાં મોજે ગામ શેઠીની સીમમાં આવેલ રે.સર્વે.નં. ૭૫/૧, નવો બ્લોક નંબર ૯૮, જુનો બ્લોક નં. ૭૮, વાળી ખેતીલાયક ઉપયોગવાળી જુની શરતની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે. ૨-૦૦-૨૩ ચો.મી., ખાતા નં. ૧૨૪, આકાર રૂપિયા ૧૨.૩૪ પૈસાવાળી મિલકત પૈકી હે.આરે. ૦-૯૫-૧૨ ચો.મી. યાને ૦૪ (ચાર) વિંઘા વાળી મિલકતનાં માલિક નં. (૧) જયાબેન તે ભુપતસિંહ માનસિંહની વિધવા, નં. (૨) કિશોરસિંહ ભુપતસિંહ, નં. (૩) મુકેશકુમાર ભુપતસિંહ, નં. (૪) ઉષાબેન ભુપતસિંહ, નાઓએ ચોખ્ખા તેમજ ટાઈટલ ક્લીયર બોજામુક્ત તથા તેમની સંયુક્ત માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાનું ચાલી આવેલ હોવાનું જણાવી મારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. જેથી સદર જમીનમાં કોઈ વ્યક્તિ, સંસ્થા, મંડળી, બેંકનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, લહેણું, કોઈનું સોદાચિઠ્ઠી, સાટાખત, ખોરાકી, વારસાઈ હકકો, ઈઝમેન્ટ, રાઈટ્સ યા અન્ય કોઈપણ પ્રકારનાં હકકો, દાવા હોય તો તેણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં લેખિતમાં વિગતવાર પુરાવા સહિત અમોને રૂબરૂમાં જાણ કરવી તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદર જમીનમાં કોઈનો હકક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે મારા અસીલની તરફેણમાં જતા કર્યા છે યાને "વેઈવ" કરેલા છે તેમ કરી મુદત વિત્યેથી પુરેપુરા વેચાણ અવેજની રકમ ચુકવી મારા અસીલ તેઓના લાભમાં ઉપરોકત માલિક પાસેથી મજકુર જમીનનો રજીસ્ટ્રર દસ્તાવેજ તેમજ પાકા લખાણો કરાવી લેશે અને મુદત વિત્યેથી ભવિષ્યમાં કોઈની તર-તકરાર કે વાંધો ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી મારફતે **આર. એસ. પટેલ** તે ખરીદનારનાં એડવોકેટ
સારા કોમ્પલેક્ષ, તડકેશ્વર, તા. માંડવી, જી. સુરત, મો.નં. ૯૦૯૯૬-૪૫૩૬૫

### મોજે : બૌધાન, તા. અરેઠ, જી.સુરતની સીમમાં આવેલ બ્લોક નંબર : ૭૩૪ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ.

મોજે ગામ : બૌધાન, તા : અરેઠ, જી : સુરતની સીમમાં આવેલ બ્લોક નંબર : ૭૩૪, જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે.૦-૯૩-૦૮ ચો.મી. આકાર રૂા.૪.૪૪ પૈસાવાળી વાળી ખેતીની જુની શરતની જમીનના માલીક કબજેદાર ૧. જોહરાબેન યુસુફની પત્ની, ૨. અહમદ સઈદ યુસુફ, ૩. સલીમ યુસુફ તથા ૪. અબ્દુલકાદેર યુસુફનાએ તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી અમારા અસીલ શ્રી દિનેશભાઈ નાગજીભાઈ રાખેલીયાને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, દર દાવો, હક્ક, હિત, હિસ્સો, સબંધ, ખાધા ખોરાકી યા લીયનના હક્કો યા ઈઝમેન્ટના હક્કો, યા કોઈપણ બેંક, સંસ્થા, મંડળી, ઈસમ સરકારશ્રીના કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ લેણુ હોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહીત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સાથે અમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હક્ક કે વાંધા રજુ થશે નહીં તો કોઈના હક્ક દાવા નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવુ માની અમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં સદરહું મિલકતના ટાઈટલ અંગે કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

તારીખ : ૦૨/૦૬/૨૦૨૬

**ધર્મેશ બી. પટેલ** - એડવોકેટ
બી-૬-૭, પહેલો માળ, શિવ કોમ્પ્લેક્ષ, અરેઠ,તા.અરેઠ, જી.સુરત પીન-૩૯૪૧૭૦
મોબાઈલ : ૮૪૬૯૩ ૮૪૦૫૩

## સંક્ષિપ્ત સમાચાર

### દસ્તાન બ્રિજ પર અકસ્માતમાં યુવકનું મોત

પલસાણાઃ દસ્તાનની સીમમાં કડોદરાથી બારડોલી જતા બ્રિજ પર ૧ જૂને મોડી રાત્રે એક અજાણ્યા વાહને ગફલતભરી રીતે હંકારી મોટરસાઇકલ નં.(GJ-19-BQ-9635)ને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઇક સવાર ૨૩ વર્ષીય હેલ્પર વિકાસકુમાર પદારથ યાદવ (મૂળ રહે.,બિહાર)ને માથા તેમજ શરીરે ગંભીર ઇજા થતાં તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ અજાણ્યો ચાલક વાહન સહિત ફરાર થઈ ગયો હતો. આ અંગે બાઇક માલિક રાકેશકુમાર મિશ્રાએ ફરિયાદ નોંધાવતાં પલસાણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બારડોલીના બાબેન ગામમાં વૃદ્ધનો આપઘાત

બારડોલીઃ બારડોલીના બાબેન ગામના પટેલ ફળિયામાં રહેતા ૭૦ વર્ષીય મંગાભાઇ ભુલાભાઇ હળપતિએ અગમ્ય કારણોસર લોખંડની પાણીની પાઇપ સાથે કાપડની પટ્ટીઓથી બનેલી દોરી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેના કારણે તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. સ્થાનિક રહીશની જાણના આધારે બારડોલી ટાઉન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાત પાછળનું સાચું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરના અવાદર પાટિયા પાસે અકસ્માતમાં ફરાર ટ્રકચાલક ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વરના અવાદર પાટિયા પાસે ગત ૧૨ મેના રોજ અજાણ્યા વાહનની ટક્કરે બાઈક સવાર અક્ષય વસાવા (ઉં.વ.૨૭)નું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. રૂરલ પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ પુરાવાને આધારે અકસ્માત સર્જનાર ટ્રક નં.(GJ-12-Y-8410) શોધી કાઢી હતી. પોલીસે પાનોલી GIDC ખાતેથી ટ્રક ચાલક વિક્રમ પ્રજાપતિની અટકાયત કરી ટ્રક કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

### લીંડિયાતમાં બાંધકામ વેળા ચોથા માળેથી પટકાતાં શ્રમિક મહિલાનું મોત

હથોડાઃ લીંડિયાત ગામની સીમમાં નિર્માણધીન કંપનીના ચોથા માળે પાલક બાંધવાની જાળી મૂકતી વખતે અકસ્માતે નીચે પટકાતાં એક શ્રમજીવી મહિલાનું મોત નીપજ્યું હતું. મૂળ રાજસ્થાનના બાંસવાડાના અને હાલ તાપી કિનારે ઝૂંપડામાં રહેતાં ૪૨ વર્ષીય મીરાબેન લસુભાઈ પટેલ જાળી સાથે નીચે પડતાં ગંભીર રીતે ઘવાયાં હતાં. તેમને તુરંત સારવાર માટે સુરત હોસ્પિટલ ખસેડાયાં હતાં, જ્યાં સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. પાલોદ પોલીસે લાશનો કબજો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યારાના ચીખલવાવ ગામમાં કન્ટેનર અને બાઈક અથડાતાં આધેડનું મોત

વ્યારાઃ વ્યારાના ચીખલવાવ ગામે હેલિપેડ નજીક કન્ટેનર અને મોટરસાઈકલ વચ્ચે અકસ્માત સર્જાતાં બાઈક ચાલક બચુભાઈ નંદરિયાભાઈ ગામીત (ઉં.વ.52) (રહે.,ધજાંબા ખરખરી ફળિયું, તા.સોનગઢ)નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. બચુભાઈ વ્યારાથી તાડપત્રી લઈને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ચીખલવાવ ગામ પાસે કન્ટેનર નં.(GJ 19 N 5205) સાથે ગંભીર અકસ્માત નડ્યો હતો. અકસ્માત બાદ કન્ટેનર ચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ડુંગરીના આધેડનું બીમારીને કારણે મોત

અનાવલઃ મહુવાના ડુંગરી ગામના 54 વર્ષીય રાજુભાઈ ભગુભાઈ પટેલ લકવા અને ગળાની ગાંઠથી પીડાતા હતા. 23 મેના રોજ લોહીની ઊલટીઓ થતાં તેમને નવસારીની નિરાલી હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. નવસારી રૂરલ પોલીસ દ્વારા કાગળો ટ્રાન્સફર કરાતાં મહુવા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### કરણમાં વાહન અડફેટે અજાણ્યાનું મોત

પલસાણાઃ પલસાણામાં નેશનલ હાઇવે નં.૪૮ પર કરણ ગામના પાટિયા પાસે એક અજાણ્યા વાહને રોડ ક્રોસ કરી રહેલા ૫૫થી ૬૦ વર્ષના આધેડને ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજા થતાં આધેડનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી વાહન ચાલક ફરાર થઈ ગયો છે. કરણ ગામના સરપંચ રવજીભાઈ રાઠોડની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બારડોલીના કુંભારવાડમાંથી વૃદ્ધ ગુમ

બારડોલીઃ બારડોલીના કુંભારવાડ વિસ્તારમાંથી ૭૬ વર્ષીય માનસિક અસ્થિર વૃદ્ધ બાબુભાઈ પોપટભાઈ ઝાપડીયા ગત ૨૭ મેના રોજ કોઈને કહ્યા વિના અચાનક ગુમ થઈ ગયા છે. પરિવારજનોની શોધખોળ છતાં કોઈ પત્તો ન લાગતાં આખરે તેમના પુત્ર હરિભાઈએ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં આ અંગે જાણ કરી હતી. પોલીસે ગુમ જાણવા જોગ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સારંગપુરમાં જુગાર રમતા 4 ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશને સારંગપુરના આદર્શનગર પાછળ, રેલવે ટ્રેક નજીક બાવળની ઝાડીઓમાં દરોડો પાડ્યો હતો. જ્યાં ખુલ્લી જગ્યામાં ગંજીફાનાં પત્તાં વડે હારજીતનો જુગાર રમતા ચાર શખ્સ ગિરજેશકુમાર દીક્ષિત, દીપકકુમાર સિંગ, સુખરામ બિંદ અને વિજયકુમાર ગુપ્તાને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧૧,૫૭૦ની રોકડ અને રૂ.૧૫,૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૨૬,૫૭૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કોટલી ગામે ગેરકાયદે રેતી અને ટ્રક સીઝ



કુકરમુંડાઃ તાપી કલેક્ટર દેવ ચૌધરીના માર્ગદર્શન હેઠળ નિઝર અને ઉચ્છલની સંયુક્ત સરકારી ટીમે સોમવારે કોટલી ગામે ભાવેશભાઈ પટેલની રેતીની લીઝ પર આકસ્મિક તપાસ કરી હતી. યોગ્ય કાગળો અને રોયલ્ટી પાસના અભાવે તંત્ર દ્વારા ૧૮૦૦ ટન સાદી રેતી, ૧૬ હોડીઓ, ૫ હિતાચી અને ૭ ચારણા સહિત કુલ રૂ.૧.૩૯ કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. લીઝનો કોડ તાત્કાલિક બંધ કરવા ભૂસ્તર વિભાગને જાણ કરાઈ છે. આ ઉપરાંત, એક જ રોયલ્ટી પાસ પર બીજીવાર રેતી વહન કરતી ટ્રક ઝડપી પાડી, ૨૧ ટન રેતી અને ટ્રક સહિત રૂ.૪૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

### ભડકોદ્રામાં શંકાસ્પદ ભંગારના જથ્થા સાથે એક ઈસમ ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ભડકોદ્રા ગામ પાસેની રોશની એસ્ટેટ નજીકથી જીઆઇડીસી પોલીસે રૂ.૩૯ હજારની કિંમતના શંકાસ્પદ એલ્યુમિનિયમ પાઇપના ટુકડા સાથે હાસીમ માજીદ શાહની અટકાયત કરી છે. પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી હતી. આરોપી હાસીમ માજીદ શાહ ભંગારના જથ્થા અંગે કોઈ બિલ કે સંતોષકારક દસ્તાવેજો રજૂ નહીં કરી શકતાં પોલીસે માલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી
Chand Mera Dill
10:00am, 04:00pm
Shubh Mangal Dhamal
Gujarati - 03:00pm
Kabanda-Gujarati
12:00pm, 09:00pm
Dhabkaaro-Gujarati - 07:00pm
Krishnavataram Part 1 - The Heart
01:00pm, 06:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333


## સંક્ષિપ્ત સમાચાર

### કુકરમુંડામાં ચોરીના ગુનાનો વૉન્ટેડ આરોપી સોનગઢથી ઝડપાયો



કુકરમુંડાઃ તાપી એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડે સંયુક્ત ઓપરેશન હાથ ધરી કુકરમુંડા પોલીસ મથકના ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપી વિજયભાઇ સોમાભાઇ મારનર (રહે., મહારાષ્ટ્ર)ને સોનગઢ ઓટા ત્રણ રસ્તા પાસેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રોકડા રૂપિયા, મોટરસાઇકલ અને બે મોબાઇલ મળી કુલ ૧,૧૧,૬૫૦નો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### કોસંબામાં ચોરીનો આરોપી પકડાયો


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ સુરત જિલ્લા એલસીબી પોલીસે કોસંબા પોલીસ મથક વિસ્તારના મોબાઈલ ચોરીના ગુનામાં અઢી મહિનાથી નાસતા ફરતા આરોપી શાહરૂખ સોહરાબ શેખને ઝડપી પાડ્યો છે. પોલીસ કર્મચારી અશોકભાઈ અને ભૂપેન્દ્રભાઈને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે જૂના કોસંબા જકાતનાકા પાસેથી આરોપીને શોધી કાઢ્યો હતો. આ આરોપીની ધરપકડ કરી એલસીબી પોલીસે તેને જેલના સળિયા પાછળ ધકેલી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ઉમરપાડાના વાડી ગામમાં તાલુકા કક્ષાના 'સ્વચ્છતા અભિયાન'નો ભવ્ય પ્રારંભ

વાંકલઃ કેન્દ્ર સરકારના ૧૨ વર્ષના સુશાસનની ઉજવણીના ભાગરૂપે ઉમરપાડાના વાડી ગામના નિરાંત મંદિર ખાતે તાલુકા કક્ષાના 'સ્વચ્છતા અભિયાન'નો પ્રારંભ કરાયો હતો. આ કાર્યક્રમનું ઉદઘાટન નવનિયુક્ત તાલુકા પંચાયત પ્રમુખ સપનાબેન વસાવાના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા થયું હતું. તેમણે આગામી દિવસોમાં વૃક્ષારોપણ, 'એક પેડ મા કે નામ', યોગ દિવસ અને વિકાસ કાર્યોનાં લોકાર્પણ જેવા કાર્યક્રમોની જાહેરાત કરી ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે મહાનુભાવો અને ગ્રામજનોએ શ્રમદાન કરી સફાઈ કરી હતી. કાર્યક્રમમાં સરપંચ ભૂપેન્દ્રભાઈ, હરીશભાઈ, તાલુકા કો-ઓર્ડિનેટર હરેશભાઇ, ટી.પી.ઓ. રાજેશભાઈ, સ્થાનિક મેડિકલ ઓફિસર તેમજ વાડી ગામના યુવાનો, મહિલાઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યાં હતાં.

### દાદરિયા-કસવાવ માર્ગ બિસમાર, લોકો હેરાન



વાલોડઃબુહારી,દાદરીયા અને કસવાવ ગામને જોડતો ૪ કિલોમીટરનો મુખ્ય માર્ગ લાંબા સમયથી અત્યંત જર્જરિત હાલતમાં છે. રસ્તા પર ઠેર-ઠેર ખાડા પડી જતાં વાહનચાલકો, ખેડૂતો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સ્થાનિક રહીશ કાર્તિક ચૌધરીના જણાવ્યા મુજબ ચૂંટણી અગાઉ આ રોડના કામનું ખાતમુહૂર્ત કરી ઝાડો કાપવાની પ્રાથમિક કામગીરી કરાઈ હતી, પરંતુ ચૂંટણી પૂરી થતાં જ કામ બંધ કરી દેવાયું છે. ચોમાસામાં માર્ગ વધુ જોખમી બનવાની ભીતિ વચ્ચે ૮થી ૧૦ ગામના લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ગ્રામજનોએ માર્ગ અને મકાન વિભાગને લેખિત રજૂઆત કરી ચોમાસા પહેલાં રોડ બનાવવાની માંગ કરી છે, અન્યથા આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

### કામરેજમાં પ્રોહિબિશન ગુનાનો વૉન્ટેડ આરોપી સોનગઢથી ઝડપાયો



વ્યારાઃ તાપી એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે વ્યારા જૂના બસ સ્ટેન્ડ પાસેથી કામરેજ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલા વૉન્ટેડ આરોપી મનુ ઈશ્વર દેસાઇ (રહે.,સોનગઢ, મૂળ પાટણ)ને ઝડપી પાડ્યો છે. પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ૧ જૂને આરોપીની અટકાયત કરવામાં આવી હતી. આગળની તપાસ માટે આરોપીને વ્યારા પોલીસ સ્ટેશનમાં સોંપાયો છે.

### ઉચ્છલના આનંદપુર ગામમાં PM આવાસ યોજનામાં ઉચાપત મુદ્દે ટીડીઓને રજૂઆત



વ્યારાઃ ઉચ્છલના આનંદપુર ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મોટી ગેરરીતિ થયાનો આક્ષેપ ઊઠ્યો છે. ગામના ત્રણ આદિવાસી લાભાર્થીઓ કોટવાળીયા દાનિયેલભાઈ શિવાભાઈ, કોટવાળીયા કિશનભાઈ મગનભાઈ અને કોટવાળીયા ગનીયાભાઈ રમેશભાઈનો આક્ષેપ છે કે, યોજનાના પ્રથમ હપ્તા પેટે તેમના ખાતામાં જમા થયેલા 30,000-30,000 (કુલ ૯૦,૦૦૦) સરપંચ અને તેમના પ્રતિનિધિએ મકાન સામગ્રી આપવાના બહાને પડાવી લીધા હતા. લાંબો સમય વીતવા છતાં સામગ્રી કે નાણાં પરત ન મળતાં પીડિતોએ ઉચ્છલ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી ન્યાયની ગુહાર લગાવી છે. બીજી તરફ સરપંચના પુત્ર અમિતભાઈએ આ તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવી નકાર્યા છે.

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૨૦/૨૦૨૬
તા.૧૪/૦૫/૨૦૨૬

વાદી :- અમીના તે દાવજી હાંસલોદની છોકરી અને મુસા હાંસલોદની પત્ની, રહે.તળાવ ફળિયું, કરંજ, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- ૧.મામલતદારશ્રી માંડવી, તા.માંડવી, જી.સુરત, ૨.જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૧૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અમીના તે દાવજી હાંસલોદની છોકરી અને મુસા હાંસલોદની પત્ની, રહે.તળાવ ફળિયું, કરંજ, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૧૦એ તેઓના પોતે અમીના તે દાવજી હાંસલોદનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ અમીના દાવજી હાંસલોદ ૨. જન્મ તારીખઃ ૧૮/૦૧/૧૯૫૧ ૩. જન્મ સ્થળઃ મોજે.કરંજ, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે અમીના દાવજી હાંસલોદના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૭/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૪/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૧૯/૨૦૨૬
તા.૧૪/૦૫/૨૦૨૬

વાદી :- રૂબીના તે ઈકબાલ બેમાતની છોકરી અને હનીફ હાંસલોદની પત્ની, રહે.પંચાયત ફળિયું, કરંજ, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રૂબીના તે ઈકબાલ બેમાતની છોકરી અને હનીફ હાંસલોદની પત્ની, રહે.પંચાયત ફળિયું, કરંજ, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૧૦એ તેઓના પોતે રૂબીના ઈકબાલ બેમાતનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ રૂબીના ઈકબાલ બેમાત ૨. જન્મ તારીખઃ ૨૪/૧૨/૧૯૭૬ ૩. જન્મનું સ્થળઃ મોજે.તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે રૂબીના ઈકબાલ બેમાતના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૭/૨૦૨૬ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૪/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત